# લોકરક્ષક ભરતી બોર્ડ, ૨૦૨૧

## <u>અગત્યની સૂચના</u>

### <u>તા.૨૯.૧૧.૨૦૨૧</u>

એવું ધ્યાન પર આવેલ છે કે, ઉમેદવારો જુદી જુદી બાબતે અરજી કરવા સારૂં લોકરક્ષક ભરતી બોર્ડની કચેરીએ રૂબરૂ આવે છે. જે ઉમેદવાર શારીરિક કસોટીની તારીખ બદલવા માંગતા હોય તો તે કિસ્સામાં અરજી (જરૂરી દસ્તાવેજો સાથે) ભરતી બોર્ડની કચેરીએ રૂબરૂ આપવાની રહેશે. આ સિવાય અન્ય કોઇપણ બાબત માટેની અરજી ટપાલથી જ મોકલવાની રહેશે.

જે કિસ્સામાં ભરતી બોર્ડની વેબસાઇટ https://lrdgujarat2021.in પર અરજી માટેના નમૂના આપવામાં આવેલ છે, તે કિસ્સામાં અરજી તે નમૂનામાં કરવાની રહેશે. અન્ય કિસ્સામાં કોરા કાગળમાં અરજી કરવાની રહેશે.

તમામ સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવશે. ઉમેદવારોએ વેબસાઇટ જોતાં રહેવું.

માત્ર નીચેના કારણોસર તારીખ બદલવા માટે ઉમેદવારો અરજી કરી શકે છે, તે અરજી બોર્ડની કચેરીએ રૂબરૂ આપવાની રહેશે.

(૧) ઉમેદવારના પોતાના લગ્ન અથવા પોતાના સગા ભાઇ / બહેનના લગ્ન હોય તો

(૨) ઉમેદવારને અન્ય કોઇ પરીક્ષા જેવી કે સરકારશ્રીની ભરતી તથા કોલેજની પરીક્ષાના કિસ્સામાં (પરીક્ષા શરૂ થવાના આગળના દિવસે, પરીક્ષાનો દિવસ / દિવસો અને પરીક્ષા પૂરી થવાના પછીના દિવસે શારીરિક કસોટી હોય તો)

(૩) ઉમેદવારના માતા / પિતા / ભાઇ / બહેન / દાદા / દાદી / પત્ની / પુત્ર / પુત્રીનું અવસાન થયેલ હોય તો

શારીરિક કસોટીના ઓછામાં ઓછા ૩ (ત્રણ) દિવસ પહેલાં બોર્ડની કચેરીએ તારીખ બદલવા માટે રૂબરૂ મળેલ અરજી જ ધ્યાને લેવામાં આવશે.

૨૯.૧૧.૨૧

(હસમુખ પટેલ)
અધ્યક્ષ
લોકરક્ષક ભરતી બોર્ડ-૨૦૨૧